सत्यमेव जयते

રજુ.તા. ૧૨/૦૮/૨૦૨૫
દાખલ તા. ૧૨/૦૮/૨૦૨૫
ફેંસલ તા. ૧૩/૦૪/૨૦૨૬

---

**ઝગડીયાના મહેરબાન અધિક ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ)સાહેબની કોર્ટમાં,મુ.ઝગડીયા.**

---

ફોજ.કેસ.નં.૨૯૮૯/૨૦૨૫

આંક :

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

(૧) તારાબેન જીતેન્દ્રભાઈ પરમાર,
રહે. કરમાલી,તા.જી.ભરૂચ. .....આરોપીઓ

| | |
|---|---|
| ગુન્હો | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૬(એફ) મુજબ.... |

ફરીયાદી તરફે વિ.એ.પી.પી શ્રી એન.પી.ઉમરીયા.

આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી–એન.આર.પંચાલ

– : ચુકાદો : –

(૧) ફરીયાદ પક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ વાડની સાફ સફાઈનો કચરો સળગાવતા નજીકમા ફરીયાદીના ખુલ્લી જગ્યામા ઢગલો કરેલ જંગલી બાવળના ૫ ટ્રેકટર

જેટલા લાકડામા આગ લાગતા સળગી જતા નજીકમા ફરીયાદીની બાઘેલ ભેંસ આગની ઝાળ લાગતા ભેંસ પાછળ તેમજ થાપાના ભાગે દાઝી જતા ફરીયાદીને અંદાજે રૂા. ૩૫,૦૦૦/– જેટલુ નુકશાન પહોચાડી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૬(એફ) મુજબ ગુનો કર્યાની ફરિયાદી ની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી, તપાસનીશ અધિકારીને તપાસ સોંપતાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી લાગતા વળગતા શાહેદોના જવાબો નોંધી, આરોપીઓ  સામે પૂરતો પુરાવો જણાતા હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) સદરહું કામે આરોપીઓ સામે સમન્સ કરતાં, આરોપીઓ હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસની કલમ–૨૩૦** હેઠળ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરી,આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી તેઓનુ નિવેદન નોંધવામાં આવતાં, તેઓએ તેમની સામેનાં આરોપનો ઈન્કાર કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતા ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. પક્ષકારોનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળી. સદરહું કેસનો ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ વાડની સાફ સફાઈનો કચરો સળગાવતા નજીકમા ફરીયાદીના ખુલ્લી જગ્યામા ઢગલો કરેલ જંગલી બાવળના પ ટ્રેકટર જેટલા લાકડામા આગ લાગતા સળગી જતા નજીકમા ફરીયાદીની બાધેલ ભેંસ આગની ઝાળ લાગતા ભેંસ પાછળ તેમજ થાપાના ભાગે દાઝી જતા ફરીયાદીને અંદાજે રૂા. ૩૫,૦૦૦/– જેટલુ નુકશાન પહોચાડી, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૬(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

<u>– : કા ર ણો : –</u>

<u>મુદા નંબર ૧ ફ–</u>

(૬) ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવીરીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.

પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૭) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં ઉપસ્થિત થયેલ હકીકતને ધ્યાને લઈએ તો,સદર કામે આંક–૫ થી ફરીયાદી સાવિત્રીબેન ધર્મેન્દ્રભાઈ નાઓની જુબાની નોધવામા આવેલ જેમા તેઓએ બનાવના દિવસે ઉનાળાનો તાપ હોય અગમ્ય કારણોસર લાકડાના ઢગલામા આગ લાગી ગયેલ અને બાજુમા તેઓના ઢોર છોડી દીધેલા પરંતુ એક ભેસને છોડતા ભેંસને આગની ઝાળ થાપાના ભાગે લાગી જતા દાઝી ગયેલ તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદી એ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને અક્ષરક્ષ: સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલ જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે. પરંતુ તેમાથી પણ

ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડી શકે તેવી કોઈ હકીકત બહાર આવતી જણાઈ આવતી નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા પણ બનાવમા આગ કઈ રીતે લાગી તે તે્ઓએ નજરે જોયેલ નહી તેમજ આગ કઈ રીતે લાગેલ તેની તેઓને જાત માહિતી નથી તેમજ આરોપી સાથે ખાનગી રાહે સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવો નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદી સ્વયં ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતને સમર્થન આપતા ન હોય અને ફરીયાદમા જણાવ્યા મુજબ આ કામના આરોપીની જ કહેવાતા ગુનામા કોઈ ભુમિકા કે સંડોવણી હોય તે મુજબની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનુ તહોમત સંશયરહીત પુરવાર કરી શકેલ હોવાનુ માની શકાય નહી. સદર પુરાવામાં આંક–૬ થી ફરીયાદ, આંક–૭ તથા ૮ થી પંચનામુ, આંક–૯ થી એફ.એસ.એલ રીપોર્ટ એડમીટ કરવામાં આવે તો પણ ફરીયાદીની જુબાની જોતા તેનુ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. આમ,સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબનુ કોઈ કૃત્ય કરેલ હોવાનુ પુરવાર થતુ ન હોય,આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૬(એફ) મુજબનો ગુનો કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે આરોપી સામેનો આરોપ શંકા થી પર સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદા નંબર ૧ નો નિર્ણય તે રીતે નકારમાં ઠરાવી મુદા નં.૨ હેઠળ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

૧. આરોપીને **બી.એન.એસ.એસની કલમ-૨૭૧** હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૬(એફ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરવામા આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન, હુકમની તારીખથી છ મહીના સુધી (અપીલ સમય સુધી) ચાલુ રાખવા.

હુકમ આજરોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તારીખ:૧૩-૦૪-૨૦૨૬

સ્થળ : ઝઘડીયા

( **<u>J.S.RATHORE</u>** )

**ADDI CIVIL JUDGE & J.M.F.C**

**JHAGADIA,**

**<u>JUDGE CODE NO GJ01695</u>**